### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા

# ઉમાકાન્ત રાજ્યગુરુના ગુજરાતી વ્યાકરણના વ્યાખ્યાન રેકોર્ડ થયા



ગાંધીનગર,તા. ૩
તળાજાના સારસ્વત અને માતૃભાષા ગુજરાતીના ભેખધારી શ્રી ઉમાકાન્ત રાજ્યગુરુના ગુજરાતી વ્યાકરણને લગતા વ્યાખ્યાનોના વીડિયો રેકોર્ડિંગનું આયોજન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા થયું હતું.

તે અન્વયે યુનિવર્સિટીના અધ્યાપક ડૉક્ટર જય ઓઝાએ લગભગ ૧૦ દિવસ સુધી ભાવનગર ખાતે સરદાર નગર પ્રાથમિક શાળામાં ઉમાકાન્તભાઈના અક્ષરદેહને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા સંગ્રહિત કરવાનો યજ્ઞ આરંભ્યો હતો. તેની પૂર્ણાહુતિ ગઈકાલે શાસનાધિકારી યોગેશભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં થઈ.

ડૉક્ટર જયભાઈ ઓઝાએ શાસનાધિકારી યોગેશભાઈ તથા શાળાના આચાર્યા જલ્પાબહેનનો વર્ગની સુવિધા પૂરી પાડવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

યોગેશભાઈ ભટ્ટે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વતી ઉમાકાન્તભાઈના જ્ઞાનને આ પ્રકારે સંગૃહિત કરવાના ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઉપક્રમને બિરદાવ્યો હતો.

# મુખ્યમંત્રીએ રાજકોટ સિવિલ હોસ્પિટલની વર્ચ્યુઅલ મુલાકાત લીધી

## કોવીડ હોસ્પિટલમાં અપાતી સારવારથી સંતોષ વ્યક્ત કરતાં દર્દીઓ

ગાંધીનગર, તા.૩
કોરોના સંક્રમણને ધ્યાને લઈ રાજકોટ સીવીલ હોસ્પિટલમાં અપાતી સારવાર સંદર્ભે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઈ પટેલે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સીવીલ હોસ્પિટલની વર્ચ્યુઅલ મુલાકાત લઈ કોરોના સંક્રમિત દર્દીઓ તેમજ તેમની રાત-દિવસ જોયા વગર ખડે પગે રહી સારવાર કરી રહેલા ડોક્ટરો તથા નર્સ સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, રાજ્યમાં કોરોના સંક્રમણ ફેલાતું અટકે અને લોકોને વધુ સારી આરોગ્ય સુવિધા મળી રહે તે સરકારની નેમ છે, આ માટે રાજ્યની સરકારી હોસ્પિટલોમાં વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ બનાવી ધન્વંતરી રથની સાથે સર્વેલન્સની સઘન વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

રાજકોટમાં કોરોના સંક્રમણને અટકાવવા હાથ ધરાયેલા આ પ્રયાસોને બિરદાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ૧૦૪ની સુવિધા સાથે સંજીવની રથ દ્વારા ઘરે રહી સારવાર લઈ રહેલા લોકોના ઘરે જઈને તેની વિનામૂલ્યે તબીબી તપાસ અને સારવાર પણ કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ સિવિલ હોસ્પિટલમાં જાનની પરવા કર્યા વગર



દિવસ-રાત લોકોની સેવા કરી રહેલા ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ એવા તબીબો અને આરોગ્ય કર્મીઓને તેમના કાર્યબદલ અભિનંદન પાઠવી આઈ.સી.યુ.માં રહેલા દર્દીઓની દિવસમાં બે વખત સીનીયર ડોક્ટરો દ્વારા વીઝીટ કરવા જણાવ્યુંહતું. તેમણે સરકારી હોસ્પિટલમાં સારવાર માટેની જવાબદારી સરકાર સંનિષ્ઠતા સાથે વહન કરી રહી છે, તેમ પણ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીને રાજકોટ સિવિલ હોસ્પિટલની વર્ચ્યુઅલ મુલાકાત કરાવતા ડોક્ટર સંજય કાપડીયાએ હોસ્પિટલમાં ઉપસ્થિત સુવિધાઓ જેવી કે, વેન્ટિલેટર, ઓક્સિજન, બેડ વગેરેની સાથે હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમને અપાતી સારવાર બાબતની વિસ્તૃત વિગતો આપી હતી.

આ તકે મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તેમને મળી રહેલ સારવાર સંબંધે પૃચ્છા કરતાં દર્દીઓએ તેમને મળતી સારવાર બાબતે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીની રાજકોટ સિવિલ હોસ્પિટલની આ વર્ચ્યુઅલ મુલાકાત વેળાએ અગ્ર સચિવશ્રી જ્યંતિ રવી, સચિવશ્રી મીલીન્દ તોરવણે, ઉદ્યોગ કમિશ્નરશ્રી ડો. રાહુલ ગુપ્તા, કલેકટરશ્રી રેમ્યા મોહન, મ્યુનિ. કમિશ્નરશ્રી ઉદીત અગ્રવાલ ઉપસ્થિત રહયાં હતા.

# જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે ચિત્રસ્પર્ધા યોજાઈ





ગાંધીનગર,તા. ૩
કોરોના મહામારીના કારણે શાળામાં બાળકો આવી શકતા નથી. છતાં તેમને ભણવાનો ટ્રેસ લાગે છે તો બાળકો આવા ટ્રેસથી મુકત રહે તો માટે જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય દ્વારા આચાર્ય તથા સુપરવાઈઝર બહેનના કહેવાથી શ્રીમતી સરલાબોન પટેલ તથા અમિતાબોન ચૌધરી દ્વારા ચિત્ર સ્પર્ધા કે બાળક ઘરે રહી દોરી ને રંગ પૂરી તેનો ફોટો શિક્ષકોને મોકલાવે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. આ રીતે અભ્યાસ સાથે બીજી ઈત્તર પ્રવૃત્તિઓ બાળકોને ઘરે રહી કરવામાં આવી હતી. જેથી બાળકો તણાવ મુક્ત રહી શકે. સર્વ સ્પર્ધકોને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# પ્રા.રમેશભાઈ પટેલ દ્વારા સેતૂરનો છોડ રોપી જન્મદિવસની ઉજવણી કરાઈ




ચિલોડા, તા. ૩
ઘટતી જતી વૃક્ષોની સંખ્યાને લીધે ગ્લોબલ વોર્મીંગના ભય હેઠળ આજનો માનવ જીવન જીવી રહ્યો છે. પર્યાવરણની સમતુલા જળવાય અને જૈવિક વિવિધતાની ઘટમાળા જળવાઈ રહે તે માટે પ્રત્યેક વ્યક્તિ એક વૃક્ષ વાવે તો દેશમાં પ્રત્યેક વર્ષે ૧૩૦ કરોડ વૃક્ષોનો વધારો થાય તેવા ઉમદા શુભ વિચાર સાથે ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ – સાદરા ના સંયોજક પ્રા.રમેશભાઇ પટેલ એ જન્મદિવસે એક સેતૂરનો છોડ રોપી જન્મદિવસની વધામણી કરાઈ. સેતૂરનુ વૃક્ષ વિટામિન સી યુક્ત ફળ આપે છે. સેતૂરના પાન ઉપર સેતૂર ના કોશેટાનો ઉછેર થાય છે. આ ઉપરાંત સેતૂર ના પાન ઓક્સિજન પુરો પાડી હવાના શુધ્ધિકરણ કરવાનુ કાર્ય કરે છે. એટલા માટે પ્રા.રમેશભાઈ પટેલ દ્વારા સેતૂરનો છોડ રોપી જન્મદિવસની ઉજવણી કરાઈ.

# વિશ્વનો સૌથી ખતરનાક જીવ : મચ્છર


મચ્છર એ પૃથ્વી પરનો ખતરનાક અને સૌથી વધુ મોત નિપજાવતો જીવ છે. મચ્છરની




લાળ ડંખ દરમિયાન માનવ શરીરમા દાખલ થાય છે જેના કારણે મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ઝીકા જેવા અનેક રોગો થાય છે. આ રોગોના સંક્રમણથી વિશ્વમાં દર વર્ષે ૧૦ લાખ કરતા વધુ લોકો મૃત્યુ પામે છે. મચ્છર ભારે ઠંડા વાતાવરણને બાદ કરતાં લગભગ કોઈપણ વાતાવરણમાં જીવી શકે છે. તે જંગલો, ઉંચુ ઘાસ, નીંદણ અને ભીની હોય તેવી જમીનને વધુ પસંદ કરે છે. મચ્છરને વિકસવા માટે પાણી હોવું આવશ્યક છે, તેથી તેમનો રહેઠાણ ખાસ કરીને પાણીવાળા પ્રદેશોમા વધુ હોય છે. જેમ કે તળાવ, તળાવોની કિનારે રહેલી ભીની અને ભેજવાળી વનસ્પતિ, પિયત ગોચર અને ખેતરો, ઘાસના મેદાનો અને અન્ય નરમ જમીન, પાણીથી ભરેલા કન્ટેનર, પૂરનાં પાણી, ગટર અને ગંદુ પાણી એકઠું થતુ હોય એવી જગ્યાઓ વગેરે. વિશ્વમાં મચ્છરોની ૩૦૦૦ થી વધુ પ્રજાતિઓ છે જ્યારે ભારતમા મચ્છરોની ૪૦૦ થી વધુ પ્રજાતિઓ અસ્તિત્વમાં આવેલી છે.

**મચ્છર કેમ કરડે છે?**

માદા મચ્છરને ઈંડા વિકસાવવા માટે લોહીમાંથી મળતા પ્રોટીનની જરૂર હોય છે. તે ગંધ, ગરમી અને દ્રશ્ય દ્વારા શિકારને પસંદ કરે છે .તે લગભગ એક મહિના સુધી લોહી ચુસ્યા વિના જીવી શકે છે. મોટા ભાગની મચ્છર પ્રજાતિઓ સાંજના સમયે અને રાતના અંધારામાં સક્રિય થાય છે. મચ્છરો તેમના એન્ટેના પર રહેલા સેન્સરનો ઉપયોગ કરીને માણસને તેના શ્વાસમાંથી બહાર નીકળેલા કાર્બન ડાયોક્સાઈડની માત્રાથી અને ત્વચા પર રહેલી રાસાયણિક ગંધથી શોધી કાઢે છે. તે પછી મચ્છર ખુલ્લી ત્વચા પર રુધિરકેશિકાઓ




શોધીને ત્વચાને બે ટ્યુબવાળા પ્રોબોસ્સીસથી વીંધે છે. એક ટ્યુબથી તે લાળને લગાવે છે જે ત્વચાને સુન્ન કરે છે અને લોહીને ગંઠાઈ જતુ રોકી રાખે છે. ત્યારબાદ બીજી ટ્યુબ દ્વારા તે લોહી ચૂસવાનું શરૂ કરે છે. જ્યાં સુધી મચ્છરનુ પેટ ભરાઈ ન જાય ત્યાં સુધી તે લોહી ચુસે છે અને બાદમા તે ઉડી જાય છે. મચ્છરના ડંખથી ત્વચા પર ખંજવાળ આવે છે અને સોજો પણ થઈ જાય છે.

**મચ્છરના કરડવાથી બચવા માટેના ઉપાયો**

- મચ્છરનો બ્રીડિંગ સમય ખાસ કરીને જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન હોય છે ત્યારે હળવા, લૂઝ અને આખુ શરીર ઢંકાય એવા કપડા પહેરવા. કારણ કે મચ્છરોમાં ફોટોસેન્સિટિવ આંખો હોય છે જે ઘેરા તેજસ્વી રંગોને શોધી શકે છે. તથા લૂઝ કપડાથી મચ્છર સહેલાઈથી ત્વચા સુધી પહોંચી શકતો નથી.
- સાંજના સમયે અને અંધારામા મચ્છરનુ સંક્રમણ વધુ હોવાથી આ સમયમાં શક્ય તેટલું ઘરની બહાર ન નિકળવુ.
- મચ્છર સુગંધિત દ્રવ્યો તરફ આકર્ષાય છે તેથી સુગંધિત ઉત્પાદનોને ટાળવા.
- મચ્છરો ત્વચાની ગંધથી આકર્ષાય છે તેથી ત્વચા ઉપર ક્રિમ કે રિપિલન્ટ લગાવવુ જેથી મચ્છરો ત્વચાની ગંધ પારખી ન શકે અને તેમના ડંખથી બચી શકાય.
- મચ્છરદાની નો ઉપયોગ કરવો.
- ઘર કે આસપાસમા ગંદા પણીનો સંગ્રહ ન થવા દેવો જેથી મચ્છરની સંવર્ધન પ્રક્રિયા અટકી જાય.
- દિવસ દરમિયાન, મચ્છર ઘાસમાં અથવા ભેજવાળા સ્થળોએ અને ઝાડીઓ વચ્ચે આરામ કરવાનું પસંદ કરે છે તેથી વધારનું ઘાસ તથા ઝાડીઓ કાપી નાંખવી.
- સંગ્રહિત પાણીમા મચ્છરનો વિકાસ થતો હોવાથી વધુ સમય સુધી ભરાયેલ વરસાદી પાણી નો નિકાલ કરવો.
- મલાથિયન અને પર્મેથ્રિન જેવા જંતુનાશકોનો ઉપયોગ કરવો.

**જાણવા જેવું**

- મચ્છર કરડવાથી થતી એલર્જી સામાન્ય રીતે તે ૨૪ કલાકથી વધુ સમય સુધી રહેતી નથી.
- એક પુખ્ત મચ્છર સામાન્ય રીતે ૫ થી ૬ મહિના સુધી જીવી શકે છે.
- એક મચ્છર એક સાથે 0.001 ml થી **0.01 ml** જેટલું લોહી પી શકે છે.
- નર મચ્છર માદાને તેની પાંખો ના અવાજ દ્વારા શોધી શકે છે. માદા મચ્છર પ્રતિ મિનિટ ૫૦૦ વખત પાંખોને હલાવી શકે છે.
- મચ્છર કલાકના ૧.૬ થી ૨.૪ કિલોમીટરની ઝડપે ઉડી શકે છે. તે સામાન્ય રીતે જમીનની એકદમ નજીક રહી ને ઉડે છે.
- મચ્છર માત્ર મનુષ્ય જ નહી પરંતુ પ્રાણીઓ ને પણ કરડે છે.
- મચ્છરની કેટલીક પ્રજાતીઓ જેવી કે કુલિસેટા અને મેલાનુરા એ માત્ર પક્ષીઓને જ કરડે છે.
- ભારતમા મેલેરિયા ના સૌથી વધુ કેસ ઓડિસા રાજ્યમા જોવા મળે છે.
- ભારત સરકારનું લક્ષ્ય ૨૦૩૦ની સાલ સુધીમાં ભારત દેશને મેલેરિયામુક્ત દેશ બનાવવાનુ છે.

**- જીગર એસ. બારોટ**

# મનહર દિલદારની પુણ્યતિથિએ કવિસંમેલન

ગાંધીનગર, તા. ૩
વૈશ્વિક મહામારીના કારણે પ્રેક્ષકો વિના ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તારીખ:૦૭ સપ્ટેમ્બર, સોમવારના રોજ, ફેસબુક : ઓમ કોમ્પ્યુનિકેશન અને યુટ્યૂબ : સાહિત્ય વિમર્સ પર કવિ મનહરલાલ લક્ષ્મીશંકર રાવલ, મનહર 'દિલદાર' ની છઠ્ઠી પુણ્યતિથિનિમિત્તે કવિ હર્ષ બ્રહ્મભટ્ટના અધ્યક્ષ સ્થાને કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

કવિસંમેલનમાં ગુજરાતી ભાષાના જાણીતા કવિઓ કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, મધુસૂદન પટેલ 'મધુ', હરદ્વાર ગોસ્વામી, જયંત ડાંગોદરા 'સંગીત', ચેતન શુકલ 'ચેનમ', ઈંગિત મોદી અને મનીષ પાઠક 'શ્વેત' પોતાની સ્વરચિત કવિતાનો પાઠ અને મનહર 'દિલદાર' ની કવિતા પ્રસ્તુત કરશે. સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી કરશે. મનહર 'દિલદાર'ના જીવન વિશે મનહર 'દિલદાર'ના પુત્ર વીરેન્દ્ર રાવલ વક્તવ્ય આપશે.




# છાલા ગામના મુક્તિધામ માટે અંતિમવાહિની રથ અર્પણ કરાયો




ચિલોડા, તા. ૩
ગાંધીનગર તાલુકાના છાલા ગામના મુક્તિધામને, ગામના સેવાભાવી રમણભાઈ મોતીભાઈ ચૌધરી દ્વારા અંતિમવાહિની (શબવાહિની) રથ આપ્યો હતો. જે બદલ ગ્રામજનો તરફથી ગૌરવપૂર્ણ અભિનંદન સહ તેમનો આભાર માનવામા આવ્યો હતો.




**જાભ ચિતરીયામાં ૯૫ પેકેટ્સ ચોખાનું વિતરણ...**

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૨૯મી ઓગસ્ટ, શનિવાર ના દિવસે જાભ ચિતરીયામાં કુલ ૯૫ લાભર્થી ને ૩ કિ.ગ્રા.ચોખા નુ વિતરણ કરવામા આવ્યું. આ સાથે અણસોલ માં ૧૫ લાભાર્થી ને પણ ચોખા ઉપરાંત બિસ્કીટ વહેંચ્યા હતા. દિનેશભાઈ, મોન્ટુ, અમૃતભાઈ તથા મિલિંદભાઈ સાથે હતા.

## જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર,તા. ૩
જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ગાંધીનગર ખાતે વકતૃત્વ સ્પર્ધા વિક્રમ સારાભાઈની જન્મજયંતિના અનુસંધાને રાખવામાં આવી હતી. જેનો વિષય કોઈ પણ વૈજ્ઞાનિક વિશેની રજૂઆત હતી. કોરોનાની મહામારીને કારણે આ સ્પર્ધા પ્રત્યક્ષ લેવાનું શક્ય ન હતું તેથી વોટ્સએપના માધ્યમ દ્વારા બાળકોને સૂચના આપી વકતૃત્વ સ્પર્ધાનો વીડિયો બનાવી મોકલવા કહેવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૬ થી ૮ના કુલ ૨૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી પ્રથમ ત્રણ નંબરમાં (૧) ચૌધરી હિરવા બી, ધો-૮બી, (૨) સુથાર શ્લોક બી, ધો-૬બી, (૩) રાવલ મહીમ્ન પી, ધો-૭એ આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યા બોન મીનાબોન, સુપરવાઈઝર ઈજુબોન તેમજ વિજ્ઞાન શઈત્રકો પટેલ ગીતાબેન કે ચૌધરી, ક્રિષ્નાબેન આર. ચૌધરી, રીનાબેન એસ ચૌધરી, હાર્દિકાબેન ચૌધરી, પ્રવિણભાઈએ બાળકોને સૂચના આપી હતી. અને તમમ વીડિયો નિહાળીને નંબર આપવામાં આવ્યા હતા.

**ડાયરેક્ટ ❤ સે**

દીવાનું પોતાનું કોઈ ઘર નથી હોતું... જ્યાં રાખો ત્યાં અજવાળું કરે...

## જન્મદિને વધામણી



રાકેશભાઈ કે શ્રીમાળી
મો. ૯૯૨૫૪ ૭૬૧૫૨



ભગીરથ માંડલિયા
મો. ૯૭૨૩૧ ૪૩૩૬૯



ફૈઝાનખાન પઠાણ
મો. ૬૩૫૨૨ ૫૪૦૮૦



દીશા ચંદ્રકાન્ત દવે



તિથિ ધ્રુવ પટેલ
મો.૯૯૭૮૭ ૨૮૮૯૩



જૈસ્વી ગૌરવકુમાર પટેલ
મો. ૯૫૫૮૫ ૧૭૧૬૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક